**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૦૫/૦૧/૨૦૧૯ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૯/૧૯**

**સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન :**

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "એ" ડીવીઝન સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમા પ્રોહીબીશન ગુનામા પકડાયેલ આરોપી દિપક રાજુભાઈ બારોટ ઉ.વ.૨૧ રહે. ખોડીયારનગર શ્રીફળ હોલની બાજુમાં શ્રીનાથ પાન પાર્લર ચાંદલોડીયા અમદાવાદ શહેર નાની વિરુધ્ધમા દાખલ થયેલ ગુનાઓને ધ્યાને લઈ સદરી ઈસમ વિરુધ્ધમા વિગતવારની પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા સદરી વિરુધ્ધ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ ક્રમાંક: પીસીબી/ડીટીએન/પાસા/૧૧/૨૦૧૯ તા.૦૩/૦૧/૨૦૧૯ થી ખાસ જેલ પાલારા ભુજ ખાતે રાખવાનો હુકમ કરેલ હોય જે આધારે સદર પાસા અટકાયતીને આજરોજ તા.૦૩/૦૧/૨૦૧૯ ના રોજ કલાક ૧૯/૩૦ વાગે ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી ખાસ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપી સારી અને પ્રસંશનીય કામગીરી કરતી સોલા હાઈકોર્ટ પોલીસ.

**શાહીબાગ પોલીસ સ્ટેશન :**

**શરીર સંબંધી તથા મિલકત સંબંધી પાસા અટકાયતી**

આજરોજ તા.૦૪/૦૧/૨૦૧૯ ના રોજ શરીર સંબંધી તથા મિલકત સંબંધી ગુનાનો આરોપી ઉસ્માન S/O યુનુસભાઇ હબીબભાઇ જાતે.ઘાંચી (મુસ્લીમ) ઉ.વ.૨૫ ધંધો.છુટક મજુરી રહે.ખેમચંદની ચાલી, ધનુષધારી મંદીરની પાસે, પાટીયા નરોડા અમદાવાદ શહેર નાનો મળી આવતાં આજરોજ તા.૦૪/૦૧/૨૦૧૮ ના કલાક ૧૯/૩૦ વાગે પાસા વોરંટની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે ખાસ જેલ, પાલારા-ભુજ ખાતે મોકલી આપવામાં આવેલ છે.

ચાંદખેડા પોલીસ સ્ટેશન :

ચાંદખેડા પોલીસ સ્ટેશન (૧) પ્રોહી ગુ.ર.નં.૫૦૭૦/૧૮ પ્રોહી એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઇ), ૧૧૬(બી) મુજબ તથા (૨) પ્રોહી ગુ.ર.નં.૫૨૧૯/૧૯ પ્રોહી એક્ટ કલમ ૬૫ઇ (બી)૧૧૬ મુજબના ગુનાના કામના આરોપી રવિ S/O હરીનારાયણ રામલખન મૌર્ય ઉ.વ.૨૫ ધંધો મજુરી રહે. ગણેશનગર, નર્સરી, પાણીની ટાંકી પાસે મોટેરા, ચાંદખેડા અમદાવાદ શહેર મુળવતન ગામ- કોહરા, અમેઠી, જી. સુલતાનપુર, ઉત્તરપ્રદેશ નાની વિરૂધ્ધમાં પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર નાઓને મોકલી આપતા સદરી ઇસમને મે.પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર નાઓએ હુકમ ક્રમાંક પીસીબી/ડીટીએન/પ્રાસા/૧૮/૧૯ તા.૪/૧/૨૦૧૯ થી વડોદરા જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવાનો હુકમ કરતાં સદરી ઇસમને આજરોજ તા.૪/૧/૧૮ ના રોજ પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે વડોદરા જેલ ખાતે મોકલી આપેલ છે.

**ઇસનપુર પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં ૧૬/૨૦૧૬ ઇ.પી.કો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબના ગુનામા છેલ્લા ત્રણ વર્ષથી નાસતા-ફરતા આરોપીને પકડી પાડતી ઇસનપુર પોલીસ**

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબનાઓ તરફથી અવાર-નવાર નાસતા-ફરતા આરોપીઓને શોધી કાઢી પકડી પાડવા સારૂ સુચનાઓ મળતી હોય અને હાલમા નાસતા-ફરતા/વોન્ટેડ આરોપીઓને પકડવાની ડ્રાઇવ ચાલતી હોય ઇન્ચાર્જ પોલીસ ઇન્સપેક્ટર શ્રી ડી.આર.ગોહીલ સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓના માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડ પ્રો.પો.સબ.ઇન્સ વી.એન.ભરવાડનાઓ સર્વેલન્સ સ્કોડના માણસોની સાથે ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા નાસતા-ફરતા આરોપીઓને પકડી પાડવા સારૂ પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા *અ.હે.કો જાકીરખાન મહેબુબખાન તથા અ.પો.કો સુરેશભાઇ જીવણભાઇ તથા અ.પો.કો અમિતકુમાર દાનાભાઇને મળેલ સયુક્ત બાતમીથી* ઇસનપુર પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં ૧૬/૨૦૧૬ ઇ.પી.કો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબના ગુનામા છેલ્લા ત્રણ વર્ષથી નાસતો-ફરતો *આરોપી ફરહાન નાસીરભાઇ કુરેશી ઉ.વ ૩૩ રહે મ.ન કે/૧૦ ગલી નં-૬ ગુલશાન પાર્ક સોસાયટી બરફની ફેકટરી સામે ઇસનપુર અમદાવાદ શહેર*નાને આજરોજ તા.૦૪/૦૧/૨૦૧૮ ના કલાક ૨૦/૪૫ વાગે ચંડોળા પાળ પી.ડબલ્યુ.ડી ઢાળ પાસેથી પકડી પાડેલ છે તા.૦૪/૦૧/૨૦૧૮

*(૧)ઇસનપુર પો.સ્ટેના નાસતા-ફરતાના લીસ્ટમા અ.નં.-૩૧ મા નામ જણાવેલ છે*

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.